# પ્રકરણ-૧

## પ્રસ્તાવના

નિયામક, અન્ન અને નાગરિક પુરવઠા કચેરીમાં મુખ્યત્વે નીચેની કામગીરી હાથ ધરવામાં આવે છે

(૧) આવશ્યક ચીજવસ્તુઓ અધિનિયમ, ૧૯૯૫ હેઠળ ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ કંન્ટ્રોલ ઓર્ડરોની અમલવારી.

(૨) પીડીએસ કંન્ટ્રોલ ઓર્ડર અન્વયેની કામગીરી.

(૩) બારકોડેડ રેશનકાર્ડ અંગેની કામગીરી.

(૪) વાજબી ભાવની દુકાનની તપાસો અને પેટ્રોલીયમ પ્રોડક્ટ, અનાજ, ખાંડ ખાદ્યતેલનાં વિક્રેતાઓની તપાસ

(૫) અનાજ,ખાંડ,કેરોસીનની ભારત સરકારમાંથી કાપતી અને જિલ્લાઓને ફાળવણી

(૬) બીપીએલ યોજના,અંત્યોદય યોજના,અનબ્રહ્મ યોજના તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારની વખતો વખત બહાર પડતી યોજનાઓની કામગીરી.

(૭) ગ્રામ્ય,જિલ્લા,શહેર,તાલુકાની વાજબીભાવની દુકાન અંગેની તકેદારી સમિતિની કામગીરી

(૮) ઑન-લાઇન ફરીયાદ-વાજબીભાવની દુકાનને લગતી ફરીયાદો અન્ય ફરીયાદો અંગેની કામગીરી

(૯) એલ.પી.જી ગેસ મોનિટરીંગ અંગેની કામગીરી

(૧૦) ખાદ્ય તેલ અને કઠોળનાં સ્ટોક કંન્ટ્રોલ ઓર્ડર અંગેની તપાસની કામગીરી

(૧૧) રાજ્યમાં કુલ ૨૯ આવશ્યક ચીજવસ્તુઓના રોજરોજ દૈનિક બજારભાવ ઉપર નિયમન રાખવામાં આવે છે અને રોજરોજ વેબ-સાઇટ ઉપર ભાવો અપડેટ કરવામાં આવે છે.

(૧૨) નેશનલ ફુડ સીક્યોરીટી એકટ-૨૦૧૩ ના અગ્રતા ધરાવતા કુટુંબો નકકી કરવા માટે રાજયમાં ડોર ટુ ડોર ફરી સર્વની કામગીરી હાથ ધરાયેલ છે.

આવશ્યક ચીજવસ્તુ અંગેની અમલવારીના અન્ય સત્તાધિકારીઓની કચેરીઓ નીચે મુજબ છે.

(૧) અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગાંધીનગર

(૨) નિયામકશ્રી ગ્રાહક અને તોલમાપની કચેરી, ગાંધીનગર

(૩) ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. ગાંધીનગર